# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૩૨ | ૩ નવેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; કારતક સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સરહદે સ્ફોટક સ્થિતિ : પાકની ૧૪ ચોકી ફૂંકી મારી



**સતત ગોળીબારનો બીએસએફના જવાનો દ્વારા જોરદાર જવાબ : સરહદ ઉપર ભારતીય જવાનોની કાર્યવાહીમાં પાકિસ્તાનના બે જવાનો ઠાર થયા : પોકમાં સર્જીકલ હુમલા બાદથી ૬૦થી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ**

નવી દિલ્હી,તા. ૨

ભારતીય સેના અને બીએસએફ દ્વારા જોરદાર કાર્યવાહી પાકિસ્તાનના ગોળીબારના જવાબમાં કરવામાં આવી રહી છે. હવે પાકિસ્તાનના ગોળીબાર બાદ ભારતીય સેનાએ જોરદાર જવાબ આપતા પાકિસ્તાની સેનામાં ખળભળાટ મચી ગયો છે. ભારતીય સેનાએ કરેલી કાર્યવાહીમાં ૧૪ પાકિસ્તાની ચોકીઓ ફુંકાઈ ગઈ છે. સાથે સાથે બે પાકિસ્તાની જવાનોને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. બીએસઓફના જવાનોએ પાકિસ્તાની સરહદ પર ભારે ગોળીબાર કર્યો છે. સાંબા, રાજૌરી, અરનિયા, નૌશેરામાં પાકિસ્તાની સેના સતત ગોળીબાર કરી રહી છે. બીએસએફ દ્વારા પણ જવાબી કાર્યવાહી કરવામાં આવી રહી છે. ભારતની કાર્યવાહીમાં મોટી સંખ્યામાં પાકિસ્તાની ચોકીઓ ધ્વસ્ત થઈ ગઈ છે. પાકિસ્તાની રેન્જર્સને પણ ભારે નુકસાન થયુ છે. બે પાકિસ્તાની જવાનોના મોતને તો સમર્થન મળી ચુક્યુ છે. પાકિસ્તાની સેના દ્વારા છેલ્લા કેટલાક દિવસથી ગોળીબાર જારી રાખ્યો છે. પાકિસ્તાની સેનીની ગોળીબારીમાં આઠ માસુમ બાળકોના મોત થયા છે.

## કાશ્મીરમાં સતત ગોળીબારના પરિણામે ૨૦૦ શાળાઓ બંધ

**શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે ઠપ થતા ચિંતાનુ મોજુ : જમ્મુમાં ૧૭૪, સાંબામાં ૪૫ સ્કુલોને આગામી આદેશ જારી કરવામાં નહીં આવે ત્યાં સુધી બંધ રાખવાનો આદેશ**



જમ્મુ,તા. ૨

પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા ગોળીબાર અને બોંબમારાના કારણે ૨૦૦થી વધારે સ્કુલોને અનિશ્ચિતકાળ સુધી બંધ રાખવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. જેથી શૈક્ષણિક કાર્યને ભારે નુકસાન થઈ રહ્યુ છે. વાલીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. સત્તાવાર સુત્રોએ કહ્યુ છે કે જમ્મુમાં આશરે ૧૭૪ સ્કુલો, અને સાંબામાં ૪૫ સ્કુલોને આગામી આદેશ જારી કરવામાં આવે ત્યાં સુધી બંધ રાખવા માટેનો આદેશ જારી કરવામાં આવ્યો છે. આ આદેશ ખાનગી સ્કુલો માટે પણ છે. હાલમાં સરહદપર આવેલા વિસ્તારો ખૌર, એલઓસી, જોરિયન , આરએસપુરા, અરનિયા, અખનુર સહિતના વિસ્તારોમાં સ્કુલો બંધ રાખવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરમાં જારી અંધાધુંધી વચ્ચે તોફાની તત્વો ૨૭ સ્કુલોને આગ ચાંપીને નુકસાન કરી ચુક્યા છે. આશરે ચાર મહિનાથી જારી હિંસા વચ્ચે શિક્ષણ સંસ્થાઓ બંધ સ્થિતીમાં છે. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે આગના હુમલાના સંબંધમાં ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# રણનિતી ઘડવા મોદીના નેતૃત્ત્વમાં મહત્વની બેઠક

**પાકિસ્તાનને વધુ કઠોર જવાબ આપવા માટે પ્લાન તૈયાર કરાયો : આતંકવાદીઓની ઘુસણખોરીને રોકવા વધુ અસરકારકરીતે કામ કરવા અને ખીણમાં શૈક્ષણિક સંસ્થાઓને ફરી ખોલવાના વિષય પર ચર્ચા વિચારણા થઇ**

નવી દિલ્હી,તા. ૨

આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા ઉપર પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા યુદ્ધ વિરામના સતત ભંગના વધતા જતા મામલાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આમા સુરક્ષા સાથે જોડાયેલી તમામ બાબતો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ, સંરક્ષણ મંત્રી મનોહર પારીકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એમ માનવામાં આવે છે કે, આ બેઠકમાં ત્રાસવાદીઓની ઘુસણખોરીને રોકવાના પ્રયાસો વધુ



અસરકારકરીતે હાથ ધરવાના પાસા ઉપર ચર્ચા થઈ હતી. સાથે સાથે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા માટેના પ્લાન ઉપર ચર્ચા થઈ હતી. સરહદપારથી કરવામાં આવી રહેલા યુદ્ધ વિરામના ભંગના લીધે સરહદી ગામોમાં સામાન્ય લોકો મુશ્કેલીમાં છે. લશ્કરી ખેંચતાણના કારણે આ મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. સામાન્ય લોકોને થઈ રહેલા નુકસાન અંગે મોદીએ ચિંતા વ્યક્ત કરી હતી. ખીણમાં સ્કૂલો પણ બંધ સ્થિતિમાં છે.

પાકિસ્તાની સેના દ્વારા જમ્મુ કાશ્મીરના સરહદી વિસ્તારોમાં તોપમારો અને મોર્ટારનો મારો કરવામાં આવી રહ્યો છે. મંગળવારે પાંચ મહિલા સહિત આઠ લોકોના મોત થયા હતા. ગોળીબારના લીધે સરહદ ઉપરના ડઝન જેટલા ગામોના લોકો અન્યત્ર જતા રહ્યા છે. મોટી સંખ્યામાં લોકોના મોત થતાં દહેશતનો માહોલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય સેના અને બીએસએફ દ્વારા જોરદાર કાર્યવાહી પાકિસ્તાનના ગોળીબારના જવાબમાં કરવામાં આવી રહી છે.






## વન રેંક વન પેન્શન મામલે પૂર્વ સૈનિકની આત્મહત્યા

**ઝેર ખાતા પહેલા પરિવારજનોને ફોન કર્યો : વન રેંક વન પેન્શનની ભલામણોમાં રહેલી અનિયમિતતાને લઇ જંતરમંતર પર ગ્રેવાલ દેખાવ કરી રહ્યા હતા**

નવી દિલ્હી,તા. ૨

પૂર્વ સૈનિકો માટે વન રેંક વન પેન્શનની ભલામણોમાં રહેલી અનિયમિતતાને લઈને પાટનગર દિલ્હીમાં જંતરમંતર ઉપર કેટલાક સાથીઓ સાથે દેખાવ કરી રહેલા પૂર્વ સૈનિક રામકિશન ગ્રેવાલે આત્મહત્યા કરી લેતા ખળભળાટ મચી ગયો છે. તેઓ હરિયાણાના ભિવાની જિલ્લાના નિવાસી હતા. સેનાથી સુબેદારના હોદ્દાથી નિવૃત્ત થયા હતા.

રામકિશનના પુત્રએ કહ્યું છે કે, તેઓએ ફોન કરીને કહ્યું હતું કે, તેઓ સ્યુસાઈટ કરી રહ્યા છે. કારણ કે સરકાર વન રેંક વન પેન્શન ઉપર તેમની માંગને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે.








